**વડીલોને વંદન**

**અભિનંદન**



કનુભાઈ એમ. પરમાર
(૧૯૪૫)મો.૯૪૨૭૩૩૭૦૦૭

# હજીરા ડિપોટમાં લાગેલી આગ પર અંતે કાબુ : બે લોકો ભડથુ

## આગ પર કાબુ મેળવવા માટે ૬૦૦૦ કિલોલીટર પાણી અને ફોમનો ઉપયોગ કરાયો : ૫૦ ફાયર ટેન્ડરો તેમજ ૬૦ ટેન્કરોએ મોટી હોનારત ટાળી દીધી

સુરત, તા.૬

ગુજરાતમાં હજીરા ખાતે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (આઈઓસી)ના પેટ્રોલ (મોટર સ્પીરીટ)માં વિનાશકારી આગ ફાટી નિકળ્યા બાદ ઓછામાં ઓછા બે લોકો બળીને ભડથુ થઈ ગયા છે આગ પર કાબુ મેળવવા માટે મોડી રાત્રથી સવાર સુધી ભારે જહેમત ઉઠાવવી પડી હતી.

હજીરા આઈઓસીના પ્લાન્ટમાં લાગેલી આગથી ૫૦ કરોડની આસપાસનું નુકસાન પણ થયું છે. ટેન્ક ફાર્મ વિસ્તાર નજીક પ્રાથમિક રીતે ચકાસણી માટે પહોંચેલા વરિષ્ઠ અધિકારીઓને બે વણઓળખાયેલા મૃતદેહો મળી આવ્યા હતા. આઈઓસીના કારોબારી ડિરેક્ટર એન, શ્રીકુમારે આજે સવારે આ મુજબની માહિતી આપી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃત્યુ પામેલા કોન્ટ્રાક્ટ વર્કરો હોઈ શકે છે. દક્ષિણ ગુજરાતના હજીરામાં કંપનીના બલ્ક સ્ટોરેજ ટર્મિનલ ખાતે ભારે જહેમત ભાદ આગ પર કાબુ મેળવવામાં સફળતા મળી હતી. હવે કંપનીમાં લાગેલી આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે. ટેન્ક જેમાં આગ લાગી હતી તેમાં ૯૬૦૦કિલોલીટર પેટ્રોલની ક્ષમતા ધરાવે છે. ૫૦૦૦ કિલોલીટર પેટ્રોલ આગમાં નાશ પામ્યું છે. આગ પર સંપૂર્ણ કાબુ મેળવવામાં આવ્યા બાદ તંત્રે રાહતનો દમ લીધો છે. શ્રીકુમારે કહ્યું હતું કે આગ પર કાબુ મેળવી લીધા બાદ કેટલીક જગ્યાએ હજુ ધુમાડા જોવા મળી રહ્યા છે.

આગની જાણ થયા બાદ તરત જ અગ્નિશામક દળના જવાનોને જાણ કરવામાં આવી હતી.મોટી આગ હોવાથી ૫૦થી વધારે ફાયર ટેન્ડરોઅને ૬૦થી વધારે ટેન્કરો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. મેગા ડિઝાસ્ટરને રોકવાના તમામ પ્રયાસો સફળ રહ્યા હતા. નજીકમાં આવેલા ડઝન જેટલા આવા જ સ્ટોરેજ ટેન્કમાં આગ ન ફેલાઈ જાય તે માટે તમામ પ્રયાસો સફળ રહ્યા હતા. સાવધાનીપૂર્વકના પગલા કામે લાગ્યા હતા. આગ પર કાબુ મેળવવા માટે ૬૦૦૦ કિલોલીટર પાણી અને ફોમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આસપાસના ટેન્કને કુલ રાખવા માટે તમામ પગલા લેવાયા હતા.આઈઓસીના ચેરમેન આરએસ બુટોલા, માર્કેટિંગ ડિરેક્ટર એમ. નેને અને ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ સેફ્ટી ડિરેક્ટર કારોબારી અધિકારી હિરક દત્તા ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ તમામ ટોચના લોકોએ આગ પર કાબુ મેળવવા માટેની કામગારી પર નજર રાખી હતી. શ્રીકુમારે કહ્યુંહતુંકે ગુજરાત સરકાર, સુરત ડિસ્ટ્રીક્ટ કલેકટોરેટ, ઓઈલ એન્ડ નેચરલ ગેસ કમીશન, ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમીટેડ,રીલાયન્સ, એસ્સાર, નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન, ક્રિબકો અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની મદદથી યુદ્ધના ધોરણે આગ પર કાબુ મેળવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. આખરે સફળતા મળી હતી. વર્ષ ૨૦૦૯ બાદથી આઈઓસી સ્ટોરેજ ડિપોટમાં બીજી આગનો બનાવ છે. વર્ષ ૨૦૦૯માં કંપનીના જયપુર ટર્મિનલમાં આગ ફાટી નિકળી હતી. આ આગ પર ૧૧ દિવસ બાદ કાબુ મેળવવામાં આવ્યો હતો. આ બનાવમાં ૧૧ લોકોના મોત થયા હતા. આના કારણે ૨૮૦ કરોડનુ નુકસાન થયું હતું. બનાવને લઈને સમગ્ર વિસ્તારમાં ભારે ચર્ચા રહી હતી. જો કે આગ પર કાબુથી રાહત થઈ હતી.નુકસાનની ગણતરી કરાઈ રહી છે.

## હિંમતનગરના પાણપુર ખાતે આલા હજરતની ઉર્સનો કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના પાણપુર ગામે સંજરનગર પાસે તાજેતરમાં આલા હજરતની ઉર્સનો કાર્યક્રમ યોજાયો હતો તેમાં મૌલાના નૌમાન અખ્તર ફાયકુલ જમાલી તેમજ ઉર્સ વિસે તકરીર કરેલ જેમાં ખાસ ઉપસ્થિત મહેમાન હિંમતનગરથી મેમણ જમાન ઉપ પ્રમુખ હાજી અખતર સતાર મેમણ (સતલાસણાવાળા) એલ.એ. રાજેન્દ્રસિંહ ચાવડા, ઈશાક શેખ, જગદીશ જયસ્વાલ, તાલુકા પ્રમુખ, ચંદ્રસિંહ ઝાલા તથા તમામ મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.




મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજકોટમાં વિશ્વકક્ષાના ક્રિકેટ સ્ટેડિયમનું અનોખું નજરાણું સમર્પિત કરતા જણાવ્યું હતું કે આજે ક્રિકેટ સહિત અન્ય રમતોમાં નાના શહેરોના ખેલાડીઓ પોતાનું કૌવત બનાવી રહ્યા છે ત્યારે, આગામી દિવસોમાં રમતના સ્ટેડિયમો બહુહેતુક રમતો માટેના ઉત્તમ માધ્યમ બને તે દિશામાં ગુજરાત આગળ વધશે અને નવી સ્પોર્ટસ પોલીસી પ્રોત્સાહનરૂપે અમલી બનશે.સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનની માલિકી અને સંચાલન હેઠળ રાજકોટનું આ ક્રિકેટ સ્ટેડિયમ રૂા.૭૫ કરોડના ખર્ચે તૈયાર થયું છે, જેનો શિલાન્યાસ પણ સને ૨૦૦૬માં નરેન્દ્ર મોદીએ જ કર્યો હતો. ૨૮૦૦૦ ક્રિકેટ રસીકોની પ્રેક્ષક-ક્ષમતા સહિત અનેક વિશેષતા અને ખેલ-સુવિધા ધરાવતા આ ક્રિકેટ સ્પોર્ટસ સ્ટેડિયમને સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશને ડ્રીમ પ્રોજેક્ટ તરીકે સાકાર કરવામાં મુખ્યમંત્રી અને ગુજરાત ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ નરેન્દ્ર મોદીની સતત પ્રેરણા અને પ્રોત્સાહન પ્રાપ્ત થયા છે.

# ગુજરાતભરમાં કાતિલ ઠંડીનું મોજું યથાવત : નલિયા ૫.૪

## આગામી ૧૨ કલાક સુધી ગુજરાતના કેટલાક ભાગોમાં કોલ્ડ વેવ ફરી વળવાની હવામાન વિભાગે ચેતવણી આપી

અમદાવાદ, તા. ૬

અમદાવાદ સહિત રાજ્યમાં આજે કાતિલ ઠંડીનું પ્રમાણ યથાવત રહેતા જનજીવન પર અસર પડી હતી. રાજ્યમાં સૌથી વધુ ઠંડી નલિયામાં ૫.૪ ડિગ્રી નોંધાઈ હતી. આ ઉપરાંત તીવ્ર ઠંડીનું પ્રમાણ અમદાવાદ ૯.૧, ડિસા ૬.૮, વલસાડ ૭.૧ ડિગ્રી, ગાંધીનગરમાં ૮.૨,મહુવામાં ૯.૭ અને અમરેલી ૯.૮ ડિગ્રી નોંધાયું હતુ. હવામાન વિભાગે ચેતવણી ઉચ્ચારી છે કે આગામી ૧૨ કલાક સુધી રાજ્યના કેટલાક ભાગોમાં કોલ્ડવેવ ફરી વળવાની શક્યતા છે. રાજ્યમાં ઠંડીમાં વધારો થતા સામાન્ય જનજીવન પર અસર પડી છે. રાજ્યમાં કાતિલ ઠંડીના કારણે લોકો ઠુઠવાઈ ગયા છે. અને રાત્રે માર્ગો સુમસામ બની જાય છે. તીવ્ર ઠંડીના કારણે દિવસે પણ લોકોએ ગરમ વસ્ત્રો પહેરવા પડે છે અને રાત્રે ઠંડી સામે રક્ષણ મેળવવા તાપણા અને રૂમ હિટરની મદદ લેવી પડે છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોને ઠંડીની અસર વધારે થતી હોવાથી તેમની હાલત કફોડી બની છે. વહેલી સવારે પવન ફૂંકાતા ઠંડીની તીવ્રતા વધુ અનુભવાતી હતી. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં તીવ્ર ઠંડીનું પ્રમાણ ચાલુ રહેશે. અને અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રીની આસપાસ રહેશે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૨૪.૬ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૯.૧ ડીગ્રી સેલ્સીયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૫૮ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૪૬ ટકા નોંધાયું હતું. શહેરમાં ઠંડીનું પ્રમાણ વધતાં હવે લોકોએ સ્વેટર, શાલ, જેકેટ સહિતના ગરમ વસ્ત્રો પહેરવાની શરુઆત કરી દીધી છે. ઠંડી વધતાં રાત્રે રસ્તા સૂમસામ દેખાય છે. અને ઠંડી સામે રક્ષણ મેળવવા તાપણા અને રૂમ હીટરનો ઉપયોગ શરૂ થઈ ગયો છે. રાજ્યમાં લઘુત્તમ તાપમાન નલીયા ૫.૪, અમરેલી ૯.૮, ભાવનગર ૧૦.૭, રાજકોટ ૮.૬, મહુવા ૯.૭, ડીસા ૬.૮, ગાંધીનગર ૮.૨, વડોદરા ૧૦.૧, વલ્લભવિદ્યાનગર ૧૦.૪, વલસાડ ૭.૧, દિવ ૯.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ.



અમદાવાદના ધરણીધર દેરાસર પાસે કોંગ્રેસ દ્વારા જૈન મુનિઓના અકસ્માતમાં થયેલા મોતના વિરોધમાં દેખાવો યોજાયા હતા.

## પાલનપુર-બાલારામ માર્ગને જશપુરીયા ગામે ડાયવર્ઝન અપાતા લોકોએ ચક્કાજામ કર્યા

પાલનપુર, તા. ૬

પાલનપુરથી બાલારામ તરફ જવાના માર્ગ પર ચિત્રાસણી રેલવે ક્રોસીંગ પાસે સમારકામ ચાલુ હોવાથી જશપુરીયા ગામમાંથી ડાયવર્ઝન આપવામાં આવતા ગ્રામજનોએ ચક્કાજામ કર્યો હતો.

પાલનપુર નજીક આવેલા પ્રસિદ્ધ યાત્રાધામ બાલારામ હજારો શ્રદ્ધાળુઓ જતાં હોય છે અને ત્યાથી આગળ અંબાજી તરફ જવાનો માર્ગ હોવાથી અહી ટ્રાફિક જોવા મળે છે. ત્યારે છેલ્લા એક માસથી ચિત્રાસણી રેલવે ક્રોસીંગ પાસે સમારકામ ચાલુ છે. તેમજ જશપુરીયા ગામમાં ડાયવર્જન આપવામાં આવ્યું હતું. પણ ગામમાં ટ્રાફિકની અવરજવર વધતા તેમજ ગામમાં ધુળની ડમરીઓ ઉડતા અને સવારે દૂધ ભરવા માટે ડેરી તરફ જતા લોકોને અગવડતા પડતી હોવાથી ગ્રામજનો ઉશ્કેરાયા હતા અને ટ્રાફિકજામ કર્યો હતો. સતત ત્રણ કલાક સુધી ટ્રાફિકજામ કર્યો હોવા છતા આર.ટી.ઓ. કે ટ્રાફિક તંત્રના કોઈ અધિકારીએ સ્થળ પર આવી દરકાર સુદ્ધા ન લેતા ગ્રામજનોએ ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

# ગુજરાતમાં મહિલાઓ માટે હજુય ફાસ્ટ ટ્રેક કોર્ટ નથી


અમદાવાદ,તા. ૬

દિલ્હીમાં ગેંગરેપના બનાવ બાદ મોટાભાગના રાજયો મહિલાઓની સુરક્ષા માટે સાવચેતીના તમામ પગલાં લઈ રહ્યા છે. મહિલાઓને ઝડપથી ન્યાય મળે તે માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના કરવાની જાહેરાત પણ કરી દેવામાં આવી છે પરંતુ ગુજરાતમાં મહિલાઓ માટે કોઈ પણ ફાસ્ટ ટ્રેક કોર્ટની વાત કરવામાં આવી નથી. મહારાષ્ટ્ર, ઝારખંડ, કર્ણાટક, કેરળ અને હવે દિલ્હીએ પણ મહિલાઓને ઝડપથી ન્યાય આપવા માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની જાહેરાત કરી દીધી છે પરંતુ ગુજરાતમાં હજુ આવી કોઈ વાત કરવામાં આવી નથી. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ મુજબની વાત કરવામાં આવ્યા બાદ વિગત સપાટી ઉપર આવી છે. દિલ્હીએ મહિલાઓ માટે ૭ ફાસ્ટ ટ્રેક કોર્ટની જાહેરાત કરી છે જ્યારે મહારાષ્ટ્રે ૨૫ અને પશ્ચિમ બંગાળે ૮૮ ફાસ્ટ ટ્રેક કોર્ટની જાહેરાત કરી છે. ગુજરાતે હજુ સુધી આવી વાત કરી નથી. ગુજરાતમાં મહિલાઓને પણ ઝડપથી ન્યાય અને ટ્રાયલ માટે આવી કોર્ટની જરૂર છે. ફાસ્ટ ટ્રેક કોર્ટમાં મહિલા જજ અને મહિલા પબ્લિક પોસ્યુક્યુટર રહે તે જરૂરી છે. ગુજરાત સરકાર દ્વારા સર્વોચ્ચ પ્રાથમિકતાના ધોરણે કામગીરી હાથ ધરવી જોઈએ. કેટલાક જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે કેટલીક બાબતો મહિલાઓ માટે ખૂબ જ મુશ્કેલરૂપ રહે છે. ખાસ કરીને મહિલાઓ જે બળાત્કારનો શિકાર થઈ ચૂકી છે તે મહિલાઓને પુરુષ વકીલ અને જજ તરફ જુબાની આપવામાં ખચકાટ અનુભવ થાય છે. આના માટે મહિલા જજ અને મહિલા પબ્લિક પ્રોસ્યુક્યુટરની વાત કરવામાં આવી રહી છે. કાયદાકીય સચિવ વી પી પટેલનું કહેવું છે કે રાજ્ય દ્વારા વર્ષ ૨૦૦૧માં ફાસ્ટ ટ્રેક કોર્ટની શરૂઆત કરી હતી અને ૨૦૧૦માં આ કોર્ટની કામગીરીને બંધ કરવામાં આવી હતી. કેન્દ્ર સરકાર તરફથી આમા ફંડ મળે છે. રકમ નહીં મળતાં આ કોર્ટ બંધ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ મહિલા જજને મહિલા સંબંધિત કેસો હાથ ધરવા કહેવામાં આવ્યું છે. ગુજરાતના ન્યાયતંત્ર અને કાયદા માટેના પ્રધાન પ્રદીપસિંહ જાડેજાનું કહેવું છે કે ૩૫ મહિલા કોર્ટ અને નારી અદાલતો છે જે મહિલા અને બાળ વિકાસ હેઠળ કામ કરે છે. ગુજરાતમાં ફાસ્ટ ટ્રેક કોર્ટની રચનાની વાત કરવા અંગે તેમને કહ્યું હતું કે આવો કોઈ મામલો હજુ વિચારણા માટે લવાયો નથી.



અમદાવાદના લો ગાર્ડન નજીક આવેલી જીએલએસના મેદાનમાં ડોગ શોનું આયોજન કરાયું હતું.

## શબ્દાવલી - ૪૯૪૪



### આડી ચાવી

૧. ઉતારો કરવો, રોકાણ કરવું (૩)
૩. ચડવું તે, સવારી કરવી (૪)
૫. મોટો ડબ્બો (૩)
૭. હેરાન કરનાર, ત્રાસ આપનાર (૪)
૧૧. જંગલ (૨)
૧૨. તૃપ્ત થયાનો મોંથી થતો અવાજ (૪)
૧૩. હલનચલન, સંચાર થવો (૬)
૧૫. સત્ય, સાચ (૨)
૧૭. સિંહને અંગ્રેજીમાં... કહેવાય (૩)
૧૯. ડિસ્પેન્શરી, હૉસ્પિટલ (૪)
૨૧. ઘેટા-બકરાં પાળતી એક કોમ (૪)

### ઊભી ચાવી

૧. દેવી-દેવતાઓને પહેરાવાતા રેશમી હાર (૩)
૨. સમુદ્રમાં રહેલો અગ્નિ (૫)
૩. ઘાટ, ઓવારો (૨)
૪. અધિકાર (૨)
૬. ખામી, કલંકિત કાર્ય (૨)
૮. વખાણવા યોગ્ય (૫)
૯. આઈશ્રી માં ખોડિયાર (૩)
૧૦. વિલંબ (૨)
૧૨. આશ્ચર્યજનક ઉદ્ગાર (૨)
૧૪. પ્રતિજ્ઞા (૨)
૧૫. મિત્ર (૨)
૧૬. અભિનેત્રી કાજોલની માતા (૩)
૧૭. ગાય શીંગડા મારે અને ગધેડું... (૨)
૧૮. આકાશ (૨)
૧૯. બિમાર વ્યક્તિએ... લેવી પડે (૨)
૨૦. કાંટા-થોર તારની આડશ (૨)

### શબ્દાવલી ૪૯૪૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) સંચાલન (૪) વિચાર (૬) ચાલક (૭) વાદવિવાદ (૧૧) દમક (૧૩) કમાનાર (૧૪) નન (૧૫) કાન (૧૭) લોચન (૧૮) નુર (૧૯) જમ (૨૦) શાન (૨૧) છત

**ઊભી ચાવી :-** (૧) સંસાર (૨) ચાલ (૩) લકવા (૪) વિખવાદ (૫) રજા (૮) દરાર (૯) દમન (૧૦) સામાપાંચમ (૧૨) કનડગત (૧૫) કાનૂન (૧૬) નર (૧૭) લોજ

### જગ્યા ફળવાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સદરહું કામગીરી અર્થે સેક્ટર-૬, ૨૧, ૨૨ અને ૨૪ ખાતે સરકાર જે જગ્યા નિહીત કરે તે જગ્યા ઉપર સ્ટોલ મેળવવા ઈચ્છતા ઈસમોએ મહાનગરપાલિકા ગાંધીનગર ખાતે ૭-૧-૧૩ થી તા. ૮-૧-૧૩ સુધી કચેરી સમયે દરમ્યાન મહાનગર પાલીકા ગાંધીનગર ખાતે સાદા કાગળમાં અરજી સાથે ફાયરનું પ્રમાણ પત્ર તેમજ બે ફોટા સાથે ફોટો આઈડી પ્રુફ સામેલ કરી અરજી કરવાની રહેશે. આવેલ અરજીમાંથી મહાનગર પાલીકા દ્વારા સ્ટોલની મર્યાદામાં કોમ્પ્યુટર ડ્રો કરી જે ઈસમો ડ્રોમાં પસંદગી પામશે તેવા ઈસમો પાસેથી સરકારશ્રીના નિયત થયેલ ભાડાના દર મુજબ તા. ૧૦-૧-૧૩ થી તા. ૧૫-૧-૧૩ સુધી દિન-૬નું રૂ. ૪૯૫ ભાડુ સ્વીકારવાના કામ અર્થે લાગતા વળગતા ઈસમોને જાણ કરવામાં આવે છે. સમય મર્યાદા બાદ આવેલ અરજી ધ્યાન ઉપર લેવામાં આવશે નહી.

### વિશ્વ ચકાચૌંધ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ યુવા શક્તિ વિશ્વને શું ન આપી શકે ? એવો નિર્ધાર વ્યક્ત કરતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, કોમ્પ્યુટર ટેકનોલોજીના બૌદ્ધિક કૌશલ્યથી ભારતના યુવાનોએ સમગ્ર વિશ્વને ચકાચૌંધ કરી દીધું છે. પરંતુ હવે હિન્દુસ્તાનની એ યુવા શક્તિ સંતોના માર્ગદર્શનથી આધ્યાત્મિક અને માનવ કલ્યાણનો દિવ્ય માર્ગ પણ બતાવશે. ગ્લોબલ વોર્મિંગ જેવા સંકટો સામે ભારતના પૂર્વજો, ઋષિ, સંતોએ સમસ્યાનો ઉકેલ બતાવ્યો છે. આતંકવાદને પરાસ્ત કરવા વસુધૈવ કુટુંમ્બકમ અને અદ્વૈતવાદનો માર્ગ બતાવ્યો છે. આજ મહાન તત્વજ્ઞાન વિશ્વને જોડવાનો પરિવારભાવ જગાવે છે, એમ મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ભગવાન સ્વામિનારાયણ સેવા ધર્મનો મહિમા સાકાર કરી બતાવ્યો છે. ગરીબોની સેવાના માધ્યમ દ્વારા સામાજિક આંદોલન, આધ્યાત્મનું અનુષ્ઠાન બની ગયું અને યોગીજી મહારાજથી લઈને પ્રમુખ સ્વામી મહારાજ સુધીના સંતોની સંસ્કાર પરંપરાએ યુવાશક્તિમાં સંસ્કારનુ અભિાન ચલાવ્યું છે. જેમાં સેવા, ચારિત્ર્ય, સદભાવ, સંયમ અને ત્યાગનું યુવા આંદોલન પ્રેરિત કર્યું છે, એમ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું.

પ્રમુખ સ્વામી મહારાજે મુખ્યમંત્રીશ્રીને ભૂતકાળમાં જે આશીર્વાદ આપેલા તેના સંસ્મરણોથી ભાવવિભોર થતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, આવા સંતમૂર્તિના ચરણમાં આશીર્વાદ પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય મને મળ્યું છે.

આ યુવાશક્તિના દિવ્ય ચેતના રથનું આંદોલન જન-જન સુધી હિન્દુસ્તાનના ખૂણે ખૂણે તથા વિશ્વભરમાં તેમણે માનવ મૂલ્યોમાં ઊર્જા જોઈએ છે તે સૌને આંદોલિત કરશે એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ આ સંતશક્તિનું યુવા પ્રવૃત્તિનું દિવ્ય આંદોલન તેમને ગુજરાતને નવી ઉંચાઈઓ પર લઈ જવાની ઊર્જા આપશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

પ્રમુખ સ્વામીની બિરાજમાન પ્રતિમાનું અભિવાદન કર્યા બાદ શ્રી નરેન્દ્રભાઈ મોદીનું મહંત સ્વામી અને ડૉક્ટર સ્વામીએ ઉષ્માભર્યુ અભિવાદન કર્યું હતું.

આ પ્રસંગે લાખોની વિશાળ સંખ્યામાં સ્વામિનારાયણ સંપ્રદાયના યુવા ભક્તો અને તેમના પરિવારજનો તથા સંતગણ ઉપસ્થિત રહ્યા હતા.

યુવાશક્તિના જોમ-જુસ્સાથી છલકતા યુવાનોએ પ્રસ્તુત કરેલી વિવિધ ધર્મ-સાંસ્કૃતિક કૃતિઓએ અનેરૂ આકર્ષણ જગાવ્યું હતું.

### સરકારમાં દરખાસ્ત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવા આ દરખાસ્તમાં સૂચવવામાં આવ્યું છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણના સ્તરને લઈ આમ તો પ્રશ્નાર્થો છે પણ હવે વિલીનીકરણને લઈ વધુ એક વિવાદ છેડાયો છે.

વિલીનીકરણ કરવા અંગેની મંજૂરી તો રાજ્ય સરકાર આપશે તે પછી જ તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ અંગે તંત્રએ તો તેની કવાયત કરી અને આખી દરખાસ્ત તૈયાર કરી સરકારને મોકલી આપી છે.

મળતી વિગતો પ્રમાણે એક તરફ સરકાર શિક્ષણના સાર્વત્રીકરણ પર ભાર મુકી રહી છે ત્યારે બીજી તરફ શાળાઓના વિલીનીકરણની દરખાસ્તો દ્વારા તે ધીમે પગલે શિક્ષણની જવાબદારીમાંથી મુક્ત થવા માટે આગળ વધી રહી હોવાની શંકા શિક્ષણપ્રેમીઓ દ્વારા વ્યક્ત થઈ રહી છે.

પ્રાથમિક શાળાઓમાં સતત બાળકોની ઘટતી જતી સંખ્યાને પગલે શિક્ષણ સુધારણા ઝુંબેશને અસરકારક બનાવવાની દિશામાં પગલાં લેવાને બદલે જે રીતે તંત્ર આગળ વધી રહ્યું છે તે અત્યંત ચર્ચાસ્પદ બન્યું છે.

એવી પણ હકીકતો બહાર આવી રહી છે કે ૫૦ થી વધુ સ્કૂલો એવી છે જ્યાં ૧૦૦ થી પણ ઓછી સંખ્યા શાળામાં નોંધાયેલી છે.

જિલ્લા તંત્ર દ્વારા આવી સ્કૂલોને પણ અલગ તારવવાની કાર્યવાહી હાલ ચાલુ હોવાનું જાણવા મળેલ છે.

## બોટાદના સરવા ગામે પ્રેમી યુગલની હત્યાનો ચકચારી બનાવ

બોટાદ તાલુકાના પાળિયાદ તાબેના સરવા ગામે આજે વહેલી સવારે 'પ્રેમી યુગલ'ની બોથડ પદાર્થના ઘા ઝીંકી હત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી પતિ-પુત્રોને તરછોડી પરણિતા તેના અપરણિત પ્રેમી સાથે અલગ રહેતી હતી બન્નેની હત્યા પરણિતાના પતિ-પુત્રોએ જ કરી હોવાનું પોલીસ પ્રાથમિક અનુમાન લગાડી રહી છે. બેવડી હત્યાના બનાવ બાદ પરણિતાના પતિ-પુત્રો ફરાર થઈ ગયા છે. પોલીસે તેઓને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે. પાળિયાદ તાબેના સરવા ગામે રેતા અને ખેતમજુરી કરતા કોળી ભરતભાઈ ધનજીભાઈ મેરના લગ્ન આજ ગામમાં રહેતી કોળી લીલાબેન સાથે થયા હતાં. લગ્નગાળા દરમિયાન લીલાબેનને બે પુત્રો થયા હતાં. ગામમાં રહેતા કુંભાર બાબુભાઈ ખોડાભાઈ હળવદીયા સાથે લીલાબેનને આંખ મળી જતા બન્ને વચ્ચે પ્રેમ પાંગર્યો હતો જેને લઈ લીલાબેન અને તેના પતિ ભરતભાઈ વચ્ચે અવાર-નવાર બોલાચાલી થતી હતી બન્નેનું દામ્પત્ય જીવન જોખમમાં ચુકાયું હતું.